# Day to Day Current Affairs

**16.JAN 2016:**

## ૧. પ્રધાનમંત્રીપાક વિમા યોજના :

- કેન્દ્રીય કેબીનેટે દિલ્હી ખાતે 'પ્રધાનમંત્રી પાક વિમા યોજના'ને મંજુરી આપી દીધી છે.
- આ યોજનાને મંજુરી મળતા જ ખેડુતો પરથી વિમાના પ્રિમિયમનો ભાર હળવો થઇ જશે.
- સરકાર મુજબ નવી પાક વિમા યોજનામાં દેશના 50% થી વધુ ખેડુતઓનો સમાવેશ થઇ જશે.
- વિમા પ્રિમિયમનો 90%થી વધુ હિસ્સો કેન્દ્ર અને રાજ્ય સરકાર વહન કરશે.
- ખેડુતોએ વિમાના પ્રિમિયમ રૂપે ઉતરવેલ રકમના દોઢથી અઢી ટકા જ આપવાના રહેશે.
- નવી સ્કીમ હેઠળ ખેડુતોએ અનાજ અને તેલીબિયાના પાકના વિમા માટે મહત્તમ 2% પ્રિમિયમ આપવું પડશે.
- કપાસ અને બાગાયતી પાક પર કુલ વિમા રાશિના મહત્તમ 5% પ્રિમિયમ ચુકવવાનુ રહેશે.
- ખરીફ પાક માટે વિમાની રકમના 2% અને રવી પાક માટે પ્રિમિયમના 1.5% જ આપવા પડશે.
- ફળો અને શાકભાજી માટે વિમાની રકમના મહત્તમ 5% આપવાનાં રહેશે.
- આ સ્કિમ હેઠળ પહેલીવાર પુરને સ્થાનીક જોખમ હેઠળ સામેલ કરવામાં આવ્યું છે.
- પહેલી વાર દેશમાં પાકની કાપણી થયા બાદ ચક્રવાત અને કમોસમી વરસાદના જોખમને પણ સામેલ કરાયુ છે.
- પાક નિષ્ફળ જવાની સ્થિતિમાં કલેમની 25% રકમ સીધી જ ખેડુતોના ખાતામાં જમા થઇ જશે.
- ખેડુતો પરથી પ્રિમિયમનો ભાર હળવો થશે અને નુકસાનીના દાવાઓનો ઝડપથી નિકાલ આવશે.
- સરકારનોપાક પ્રિમિયમનો ખર્ચ 3 હજાર કરોડ રૂપિયાથી વધીને 7.5 હજાર કરોડ રૂપિયા થઇ જશે.
- હાલમાં આ યોજના પાઇલોટ પ્રોજેક્ટ તરીકે દેશના 45 જિલ્લાઓમાં જ લાગુ કરવામાં આવશે.
- આવનાર ખરીફ પાકથી આ યોજના લાગુ થઇ જશે.

## ૨. સિડની ઇન્ટરનેશનલ ચેમ્પિયન – ટેનિસ :

- ભારતની ટેનિસ સ્ટાર સાનિયા મિર્ઝા અને સ્વિત્ઝર્લેન્ડની માર્ટિના હિંગીસે સિડની ઇન્ટરનેશનલ ચેમ્પિયનશીપની મહિલા ડબલ્સનું ટાઇટલ જીતી લીધુ છે.
- આ સાથે સાનિયા અને હિંગીસે સળંગ 30 મેચ જીતી અનોખો રેકોર્ડ બનાવ્યો છે.
- ફાઇનલમાં આ જોડીએ કેરોલીન ગાર્સીયા અને ક્રિસ્ટીના મ્લેડેનોવિકની જોડીને હાર આપી હતી.
- આ ફાઇનલ જીતીને તેમની જોડી બની ત્યારથી આ 11મું ટાઇટલ જીત્યુ છે
- તેમજ ચાલુ વર્ષનુ આ ત્રીજુ ટાઇટલ હતુ. અગાઉ બ્રિસબેન ઓપનમા પણ આ જોડી ચેમ્પિયન રહી હતી.

## ૩. રાજેશ વિવેક – અભિનેતા :

- ફિલ્મ 'લગાના'માં આમિરખાન સાથે એક્ટિંગ કરી ચૂકેલા અભિનેતા રાજેશ વિવેકનું અવસાન.
- ફિલ્મ 'લગાન'માં તેમણે ગુરનની ભુમિકા ભજવી હતી જે એક એસ્ટોલોજર હોય છે.
- આ ઉપરાંત તેમણે સ્વદેશ માયા મેમસાબ,ત્રિદેવ,અગ્નિપથ, રામ તેરી ગંગા મેલી તથા કચ્ચે ધાગે જેવી 30થી વધુ ફિલ્મોમાં કામ કર્યું હતુ.
- તેમણે શ્યામ બેનેગલની ફિલ્મ જુનુનથી અભિનય કારકિર્દીની શરૂઆત કરી હતી.

## ૪. ભારતીય સેના દિવસ :

- દર વર્ષે 15 જાન્યુઆરીએ ભારતીય સેના દિવસ તરીકે ઉજવાય છે.
- આઝાદી પછી શાસન વ્યવસ્થામાં પરિવર્તન આવવા છતાં લશ્કરની કમાન અંગ્રેજ સેનાપતિફ્રાન્સિસ બુચરના હાથમાં હતી.
- વિભાજન સંબધીત તમામ વહીવટ ફેરબદલ થઇ ગયા બાદ 15 જાન્યુઆરી 1949ના દિવસે જનરલ કે.એમ.કરિઅપ્પાના હાથમા ભારતીય લશ્કરનુ સુકાન સોંપીને અંગ્રેજોએ વિદાય લીધી.
- આથી એ દિવસથી દર વર્ષે 15 જાન્યુઆરી ભારતીય સેના દિવસ તરીકે મનાવાય છે.
- આ વર્ષે કેન્દ્ર સરકારે ભારતીય સેના માટે રૂ 2710 અબજનુ બજેટ ફાળવ્યુ છે.

## ૫. રમેશભાઈ ઠાકર – ચિત્રકાર :

- રાષ્ટ્રકક્ષાએ વિખ્યાત રાજકોટના ચિત્રકાર અને ફોટોગ્રાફર રમેશભાઈ ઠાકરનું અવસાન.

## પ્રશ્નો

૧. ખેડુતો માટે કેન્દ્રીય કેબીનેટે કઈ યોજનાની જાહેરાત કરી?... પ્રધાનમંત્રી પાક વિમા યોજના.

૨. પ્રધાનમંત્રી પાક વિમા યોજના અંતર્ગત વિમા પ્રીમિયમનો કેટલા ટકાથી વધારે હિસ્સો સરકાર વહન કરશે?... 90%

Vivekanand Academy Gandhinagar

૩. ખેડુતોએ ખરીફ અને રવી પાક માટે વિમા રકમની કેટલા ટકા રકમ ભરવી પડશે?... ખરીફ – 2%, રવી – 1.5%

૪. ખેડુતોએ ફળો અને શાકભાજી માટે વિમાની રકમના મહત્તમ કેટલા આપવા પડશે?... 5%

૫. કપાસ અને બાગયતી પાક પર કુલ રકમના કેટલા ટકા ભરવા પડશે?... 5%

૬. સરકારને હવેથી પાક પ્રિમીયમનો ખર્ચ કેટલો થઈ જશે?.. 7500 કરોડ.

૭. પ્રધાનમંત્રી પાક વિમા યોજના હાલમાં પાઈલોટ પ્રોજેકટ તરીકે દેશના કેટલા જિલ્લામાં લાગુ થશે ?... 45

૮. પ્રધાનમંત્રી પાક વિમા યોજના કયારથી લાગુ થઈ જશે?... આવનાર ખરીફ પાકથી

૯. સિડની ઈન્ટનેશનલ ટેનિસ ચેમ્પિયનશીપ મહિલા ડબલ્સ વિજેતા?... સાનિયા મિર્ઝા – માર્ટિના હિંગીસ

૧૦. સિડની ઈન્ટરનેશનલ ચેમ્પિયનશીપની ફાઈનલ મેચ જીતીને સાનિયા – હિંગીસે સળંગ કેટલામી જીત નોંધાવી?... 30

૧૧.ક્યાં ફિલ્મ અભિનેતાનું અવસાન થયુ?... રાજેશ વિવેક

૧૨ અભિનેતા રાજેશ વિવેકની પ્રથમ ફિલ્મ જણાવો... જૂનન

૧૩. ભારતીય સેના દિવસ ક્યારે મનાવાય છે?... 15 જાન્યુઆરી

૧૪. ગુજરાતના ક્યા ચિત્રકારનું અવસાન થયું?... રમેશ ઠાકર.

Vivekanand Academy, Gandhinagar